દબાવી દે છે સત્યો, કાયદાનો અમલ ટાળે છે,
લીંપેલા હોય છે ખૂદ સત્તાધીશો મોટાં આળે છે,
ખાળે છે તપાસ, ભાળે છે બધું સાવ પોલંપોલ -
સત્યશોધક - પત્રકારોને તો જીવતા પાળે છે..

પ્રખ્યાત ટીમો
છોડીને હવે રમો -
ભૂતાન સાથે!
(કરોડપતિ ક્રિકેટરો
હવે થાક્યા છે)

આગાહી જાણે!
ચૂંટણી નાં વચન -
ફંટાઇ જાય!!
(હવાનાં દબાણ..)

ચિંતન

કેનાંજિતાનિ નયનાનિ મૃગાંગનાનાં કો વા કરોતિ રૂચિરાંગરૂ દાન્મ્ યૂરાન ।
કશ્ચોત્પલેપુ દલસંનિચંય કરોતિ કો વા કરોતિ વિનયં કુલજેષુ પુંસુ ॥

મૃગલી આંખોમાં આંજણ કોણ આંજ્યુ? અને મોરના પીછાંમાં અદ્‌ભૂત રંગબેરંગી ભાત કોણે ભરી? કોમળ કમળની પાંખડીઓની રચના કોણે કરી? અને એવી જ રીતે કુળવાન કિશોરોમાં વિનય-વિવેક-નમ્રતાના સિંચન કોણે કર્યાં છે? અર્થાત આ બધું જ સ્વાભાવિક સંસ્કારથી જાતે જ આવી જાય છે. એ એક ઇશ્વરીય દેન છે.

પશુ-પંખીનાં કૂજન અને કલરવ, એમની પાંખો અને આંખોમાં રંગ અને નિર્દોષ ભાવ પ્રેમાળ અને ડરપોક સ્વાભાવિક વર્તન - આ બધાં માટે એમને કોઇ પાઠશાળામાં કે ટ્રેનિંગ કલાસમાં જવું પડતું નથી. ઇશ્વરીય - પ્રાકૃતિક દેનનું જ આ પરિણામ છે. એવી જ રીતે કુળ અને જન્મોજન્મના સંસ્કાર પણ વારસાગત જન્મતાંની સાથે જ આવે છે આમાં પ્રેમ-વિનય-નમ્રતા-એ બધું પણ કોઇના શિખવ્યા વિના - આપોઆપ આવે છે.

સુવિચાર

- લાખ મિલ જાયેંગે ચહેરે કો સજાને વાલે, ઢૂંઢકર લાઇએ આઇના દિખાને વાલે.. - **ખલિલ ધનતેજવી**
- તર્ક ગણિત છે વિશ્વાસ એ અંદરથી પ્રગટ થતી લાગણી છે, બંનેનો મેળ કરી જીવનમાં સુમેળ સાધનાર જ સફળ માણસ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો ખૂબ કામ કરતા હોય છે તે ભાગ્યે જ થાકી જતા હોય છે, જે લોકો સૌથી ઓછું કામ કરે છે અથવા બિલકુલ કામ નથી કરતા તે લોકો હંમેશા થાકેલા, હાંફેલા, હારેલા જ દેખાય છે - **રોહિત શાહ**
- માણસની જીંદગી માત્ર મીઠી દવાઓની દુકાન નથી, દવાઓ કાયમ મીઠી ન હોવાની, મોટાભાગે તે કડવી જ હોવાની, દવાની કસોટી તેનો સ્વાદ નથી, દવાની કસોટી તેનો ગુણ છે, તે કડવી દવા કેટલી રોગનાશક અને હિતકર છે તે તેની કસોટી છે - **મુનિ ભાનુચંદ્ર વિજયજી**
- આંગળી ટેરવા પર ઝીલાયેલા આંસુના ટીપાની મહત્તા ત્યારે વધી જાય છે જયારે એ આંગળી બીજાની હોય - **નવનીત**
- પુરુષાર્થ આપણે જીંદગીને સજાવવા અને સમર્પણ જીંદગીને સ્વીકારવા માટે થાય છે.. સાક્ષીભાવે જીંદગી જોનારાને સુખના ઓડકાર નથી આવતા અને દુ:ખના ઉપવાસ ભારે નથી પડતાં- **જનકલ્યાણ**
- જીવનમાં કટોકટી વખતે પ્રતિક્રિયા નહીં.. માત્ર પ્રતિસાદ આપવો જોઇએ.. પ્રતિસાદ એટલે આંધળુકીયું નહીં પણ સ્વસ્થતાપૂર્વક લેવાયેલું અસરકારક પગલું - **ચંદ્રકાન્ત બક્ષી**

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

બ્રહ્માજી નવું નવું સર્જન કરતા હતા અને બધાને કાર્ય ફરજો સોપતાં હતા.

ગધેડાને બોલાવ્યો તને બુદ્ધિ નથી આપતો. મૌન રહી ભાર ઊંચકવાનો - ફરિયાદ કરવી નહીં તારું આયુષ્ય ૫૦ વર્ષ રહેશે.

ગધેડો કહે આટલો બધો પરિશ્રમને પચાસ વર્ષ? ઘણાં કહેવાય - પચ્ચીસ રાખો. ભગવાન કહે તથાસ્તુ.

પછી કૂતરાને બોલાવ્યો. તારો લોકોના ઘરની ચોકી કરવી અને જે કંઇ બટકું નાંખે એનાથી ગુજરાન ચલાવવું. તારું આયુષ્ય ત્રીસ વર્ષ - કૂતરો કહે ભગવાન ૧૫ રાખો - ભગવાન કહે.. તથાસ્તુ. પછી વાંદરો આવ્યો. તારે કૂદાકૂદ કર્યા કરવી. લોકોનું મનોરંજન કરવું. ૨૦ વર્ષ જીવીશ. વાંદરો કહે ભગવાન દસ વર્ષ રાખો. ભગવાન કહે 'તથાસ્થા'.

પછી માણસને બોલાવ્યો. તારામાં બુદ્ધિ હશે વિચારશક્તિ હશે અને પચાસ વર્ષનું આયુષ્ય.

માણસ કહે ભગવાન ૫૦ તો ખરાં પણ ગધેડાનાં વધ્યા ૨૫, કૂતરાના ૧૫, ને વાંદરાના ૧૦ દસ એમ બીજા ૫૦ મળી કુલ વર્ષ ૧૦૦ આપો ભગવાન કહે તથાસ્તુ. વૈંતરુ કરી હવે માણસ ૨૫ વર્ષ માણસ તરીકે, બીજા ૨૫ વર્ષ સંસારમાં, ગધેડા તરીકે ત્રીજા પચ્ચીસ વર્ષ કૂતરાની જેમ, અને ચોથા વૃદ્ધાવસ્થા વાંદરાની જેમ જીવે છે અહીંથી તહીં થતો હડહડ થઇ.

Email - sureshchandrabhatt18@gmail.com

ગર્ભનાળનું ગઠબંધન...!! 'નાળ' એટલે માતા અને બાળકને જોડતી લાઈફલાઈન...!!

દટાઇ ગઇ છતાં યાદ આવી જાય તું, લાગણીના સંબંધને ઢંઢોળી જાય તું ભલેને ભળી ગઇ માટીમાં માટી થઇ, રૂંવાડે રૂંવાડા ઊભા કરી જાય તું!!

આપણે જન્મ થાય અને નાળ ડુંટીથી કાપવામાં આવે, એ નાળને ઘરનાં જ ખૂણામાં શ્રદ્ધાથી દાટી દેવી એવો રિવાજ ગ્રામીણ વિસ્તારમાં જોવા મળે છે. નાળ દાટેલી જગ્યા મોટા થઈને પછી ત્યાં જઈ જોવા એમાં અક અનોખું ચુંબકીય તત્ત્વ હોય છે... દટાયેલી નાળની તો માટી થઈ ગઈ હોય, પણ છતાંય, એની સાથે જોડાયેલી લાગણી કે ભાવનાઓની માત્ર માટી થયેલી નથી હોતી.. આપણે એ જગ્યાએ પહોંચીએ એટલે એ આપણી ઉંમર ઓછી કરી નાંખે, આપણા મનમાં ફરી પેલી માંસનો નાનકડો ટૂકડો સળવળી ઉઠે અને માતા-દીકરાના એ નવ મહિનાના સંબંધને જીવંત કરી દે...

કયારેક પોતાની જાતને શોધવી, પોતાની સામે જ જોયાં કરવું, એ જેટલું રોમાંચિત હોય છે, એટલું જ અઘરું પણ... ભલભલી હસ્તીઓને આમ કરવાનું ફાવતું નથી... આ નાળ એટલે માતાના ગર્ભમાં રહેલ બાળકને જોડતું અદ્વિતીય તત્વ...

આજે આ નાળ યાદ આવવાનાં બે મુખ્ય કારણો પૈકીનું એક એટલે ગયા મહિને મારા મામાના ગામ, જન્મસ્થળે ઘણાં વર્ષો બાદ જવાનું થયું. મારો જન્મ મહારાષ્ટ્રના નાસિક જીલ્લાના એક એકદમ અંતરિયાળ ગામે થયેલો, બધાં મામા શહેરભણી ચાલ્યા ગયા, પણ ઘર (મોટી ડેલી) એક માસા સાચવે... ત્યાં એ ઘરે, મારો જન્મ થયેલી ખોલીમાં પહોંચ્યો... અને અચાનક યાદ આવી એ નાળ... એ રૂમની લિંપણવાળી દિવાલના ખૂણામાં દાટેલી, આજથી વર્ષો પૂર્વે, અત્યારે તો એની માટી થઈ ગઈ હશે...

આટલાં વર્ષોમાં તો ઘણું બધું બદલાઇ ગયું છે. પણ એ દિવાલ અને જગ્યા જેમની તેમ જ છે... એક જ ક્ષણમાં એ જગ્યાએ મને ફરી ગર્ભનો ગોળો બનાવી દીધો... કોઈ મારી નાળ કાપે છે... મને અલગ કરે છે... નવી દુનિયામાં લાવે છે... ગર્ભાશયમાં ગર્ભાગૃહમાંથી પૃથ્વી પર લાવીને ટેકવે છે... કેવું કેવું યાદ આવવા લાગ્યું... નાળ એટલે માત્ર માતા અને બાળકોને ટકાવી રાખનારો લોહી-માંસનો એક ટૂકડો જ નથી હોતો, પણ જૈવિક રીતે અન્ન, પાણી અને શ્વાસ વહન કરતી એક વ્યવસ્થા પણ હોય છે...

જયારે આ નાળ કપાય છે, ત્યારે બે જીવ અલગ થાય છે... ગ્રામીણ વિસ્તારમાં આ નાળ એક શ્રદ્ધાપૂર્વક ઘરના ખૂણામાં દાટવામાં આવે છે. શહેરમાં તો હવે આવું રહ્યું નથી... હોસ્પિટલમાં જેમનો જન્મ થાય છે, એમની નાળ તો દવાખાનાના કચરા ભેગી મ્યુનિસિપાલિટીની ગાડીમાં રવાના થઈ જાય છે.. આ નાળ કયાં પહોંચતી હશે? કોને ખબર? મારી બંને દીકરીઓની નાળનું પણ આવું જ થયું છે, હું નિશ્ચિતપણે નહીં કહી શકું કે એમની નાળ કયાં ગઈ હશે? હવે તો જો કે આ નાળ સાચવવા માટે પણ નવી સિસ્ટમ આવી ગઈ છે.

હશે એ જે હોય તે, પણ નાળ દાટેલી જગ્યા મોટા થયા બાદ જોવાનો રોમાંચ કંઇક વિશિષ્ટ હોય છે... એ જગ્યાએ જઈએ એટલે પેલુ કવિમન જાગૃત થઈ જાય છે... નાલ પુરેલી જગ્યા પરથી પગ જલદી પાછો ખસતો નથી... કોઈ વિલક્ષણ તાકાત આ જગ્યાએથી મળતી હોય એવું લાગે છે... ત્યાંથી અલગ વાસ ધરાવતી માટી... ચોક્કસ કશું કહી ન શકાય... પણ પોતાના નાનપણના પગલાં, જૂનાં રસ્તા, જૂની જગ્યા, જૂનું ઘરું, જૂની સ્કૂલ જેમ યાદ આવે અને ત્યાં જવાનો મોકો મળે તો કેટલું સારું લાગે ને?

મારી પ્રાથમિક શાળા તો હવે જર્જરીત થઈ ગઈ છે, વિદ્યાર્થીઓ વગર પાટલીઓ નિસાસા નાંખે છે... આ શાળાના શિક્ષકોનો માર ખાઈને પહેલી વાર કક્કો ઘૂંટેલો અને અક્ષરો સુધારેલા આ બધી વાતો પેલી નાળ દાટેલી જગ્યા જેવી જ લાગે છે... માણસને કોણ કોણ, કયાં કયાં કેવી રીતે બાંધી રાખે છે અને માણસ એમાંથી બંધનમુક્ત થઈ કયાં કયાં ફરતો ફરે છે, એ પણ એક વિલક્ષણ જ કહેવાય... આ વાત પણ એટલી જ સાચી છે કે, એને પોતાની સાથે જકડી રાખનારી અલગ અલગ પ્રકારની નાળ જિંદગીભર યાદ તો આવતી જ રહે છે... ચિઠ્ઠી આઈ હૈ વતન સે ચિઠ્ઠી આઈ હૈ ની જેમ જ એને એ યાદ જગ્યા વધુ વિહવળ કરી મુકે છે...

જિંદગી ભેગું કરવાની લ્હાયમાં, ગામ, શેરી, મોહલ્લો, જીલ્લો કયારેક દેશ છોડી માણસ કયાંનો કયાં પહોંચી જાય છે, કંઇક મેળવવા કંઇક ગુમાવવું પડે છે... સતત દોડતો રહેતો માણસ પાછો પોતાના ઉદ્‌ગમ સ્થાને પાછો પહોંચે એનું ન પણ બને... એ સાત સમુદ્ર પાર કરીને ગગનચુંબી ઈમારતના ૨૬મા માળે ગેલેરીમાં ઊભો રહી આ બધું વિચારવા લાગે, યાદ કરે, એ સ્થળ, જગ્યાએ માનસિક પહોંચી પણ જાય... એકાદો તો આવી યાદમાં 'ધ રૂટ' જેવી નવલકથા પણ લખી નાંખે... શું અનોખી તાકાત હોય છે નાળમાં...

એમ તોડવા ઈચ્છો તોય તૂટતી નથી, મનમાં કોક ખૂણે જઈને એવી ચોંટેલી હોય છે કે સ્મૃતિઓની નાળ જમીનમાં દટાવા તૈયાર નથી... અને આ બધી વસ્તુને જ કહેવાય છે વ્યક્તિનું ભાવવિશ્વ કે સંવેદનવિશ્વ... આમાં અનેક પ્રકારની નાળ જોડાયેલી હોય છે... યાદ આવતી રહે છે અને એને એ તરફ ખેંચતી રહે છે...

નાળ પુરેલી જગ્યાએથી મારા પણ પગ ખસતાં નહોતા, અનેક યાદો હતી, નાના-નાની ફોટામાં સમાઈ ગયા હતાં, કેરીઓથી ભરેલી વખાર, ગરમ પાણીનો તાંબાનો બંબો, માટીનો ચૂલો, ધૂમાડીયું, લપસી પડાય એવા પગથીયાં, ઠંડો પવન લહેરાવતી ગેલેરી, કપડાં લટકાવવાનાં લાકડાનાં દટ્ટા, ગોખરાં, ખારું અથાણું, છાણનું લિંપણ, ગાય-ભેંસની ગમાણ... બધું જ અસ્તવ્યસ્ત હતું, ૪૦ વર્ષ પહેલાની યાદો એક નાળની જગ્યાએ પગ મુકતાં જ રિવાઈન્ડ થઈ રહી હતી. બધું આનંદમય લાગતું હતું....

હું અચાનક જ નાનો થઈ ગયો હતો... ખુબ નાના બાળક જેવાં બનીએ એટલે વિકારમુક્ત થવાની પ્રક્રિયા શરુ થઈ જાય છે... સૌથી સુરક્ષિત જગ્યા એટલે માતાનું ગર્ભાશય, તાજા જન્મેલા બાળકની નિર્દોષ આંખો...શું શું યાદ કરવું? નાળ પુરેલી જગ્યા એટલે મારા જિંદગીનું ઉદ્‌ગમ બિંદુ, જયાંથી મારી જિંદગીનો પ્રવાસ શરુ થયો... માણસ ઠેકઠેકાણે ફરે છે, ફરતો જ રહે છે, પણ ભાવનાના સંબંધ અંકબંધ લઈને જ ફરતો રહે છે.

દેશ-વિદેશમાં રહેતા લોકો કેટકેટલી અલગ વેબસાઈટ પર જઈને પોતાનું ગામ, નદી, વંશજોના નામ આ બધું શોધતા હોય છે, આ બધાંને જ ખબર છે... પોતાની મનગમતી જગ્યા શોધવા એ શક્ય એટલો પ્રયત્ન કરી લે છે... નદી પોતાના ઉદ્‌ગમ સ્થાને પાછી પરી શકતી નથી એ વાત ભલે સાચી હોય, પણ માણસ તો જઈ શકે છે... ફક્ત એણે એકવાર નક્કી કરવું પડે કે, થોડું પાછું વળીને જોવું છે... અનેક અર્થમાં જોવું છે. બાળપણમાં સ્લેટ પરની પેન અને માટી ખાવાની ટેવ કેવી રીતે લાગી હતી? અને કેવી રીતે ગઈ? એ પણ જોવું છે.. એટલે આ બધું માત્ર આનંદ માટે જ જોવું છે...

નાળના નામ નીચે અનેક વાતો ફ્લૅશબેક થતી રહી, જિંદગીમાં અમુક વસ્તુ કરવી અઘરી જરુર છે પણ અશક્ય જરાય નથી. બસ, નક્કી કરીને નીકળી પડવું પડે!

હવે, નાળ યાદ આવવાનું બીજું કારણ કે અમારા વોટ્સએપ ગ્રુપમાં નેહલ ગઢવીએ પન્ના પટેલની એક અચ્છાંદ કાવ્ય રચના મુકીને 'ગર્ભનાળ' નો અર્થ પુછ્યો હતો, અને એ વાત પર આ આખી વાત યાદ આવી ગઈ છે. એ કાવ્ય આપના માટે...

મારી મા, ભીંતરથી જોડાયેલી હું, ગર્ભનાળ મારફતે, કોઈ અંતર જ નહીં, જાણે બે ભાગ, એક જ શરીરના, પછી હું જન્મી ગર્ભનાળ છેદાઈ અસહ્ય દર્દ હતું, ને હું મારી માથી વિખૂટી પડી. વર્ષો પછી અચાનક મા ની વિદાય... ફરીવાર, હું મારી માથી વિખૂટી પડી. અસહ્ય દર્દ હતું હજુય ભીંતરથી જોડાયેલી હું ને ફરીવાર, ફરીવાર જાણે ગર્ભનાળ છેદાઈ એક ઝાટકે...

જે કોઈને એમને નાળ પુરાયાની ખબર હશે, એમને માટે તો આ એક અવસર જ બનશે ફરીથી નાળને યાદ કરવાનો કે એ જગ્યાએ જઈ સ્મૃતિઓ વાગોળવાનો, આજના યંગસ્ટર્સ એમના પેરેન્ટ્સને નાળની સ્મૃતિઓ પૂછીને એમનો ચહેરો વાંચશે તો કેટલીક વાતોના પોપડા ઉખડશે...

ચૂંટલો : અમુક સ્મૃતિઓ જેવી કે બાળપણ, સ્કૂલ, મામાનું ગામ, મિત્રો... આ બધામાં 'નાળ' કે જન્મ સમયે માતાથી અલગ થઈ વિશ્વમાં અવતરવાનું માધ્યમ હોય છે, એને જમીનમાં પુરવાની જૂની પ્રથા છે, અને એ જગ્યાનું પણ એક ચુંબકીય આકર્ષણ છે, જો તમારી નાળ પુરાનાની જગ્યા યાદ હોય તો એકવાર ત્યાં જઈ આવજો, અનુભવ જવાબ આપશે.

ડોકટરે સાવધાની ખાતર બીજે દિવસે અમુક જરુરી ટેસ્ટ કરાવવાનું પણ કહી દીધું, બીજે દિવસે બાકીના ટેસ્ટ પણ કરાવ્યા, બધા રિપોર્ટ નોર્મલ હતા પણ આ વખતે ખર્ચો પહેલાં કરતાં પણ વધારે થઇ ગયો હતો

નવાં કલેવર
- નટવર હેડાઉ

પતિ-પત્નીમાં છેડછાડ મજાક મસ્તી તો સ્વાભાવિક થતી હોય છે. સુષ્મા અને સુમંત તેમાં કંઇ અપવાદ રુપ નહોતા પરંતુ તેમના વચ્ચે તો ખટપટ કંઇક વધુ પડતી ચાલતી રહેતી હતી. વાતનું વતેસર કરવામાં સુષ્માને કોઇ પહોંચી શકે તેમ ન હતું. નાની નાની વાતમાં આસમાન માથે ઉઠાવી લે અને ખાવાપીવાનું બંધ કરી દે. એકવાર પોતાની જાત પર આવી જાય તો પછી લાખ સમજાવો પણ શું મજાલ કે એક ઘુંટડો પાણી પણ ગળેથી નીચે ઉતારે. સુમંત સ્થિતિ ને જેટલી સામાન્ય કરવાની કોશિશ કરે એટલી હાલત ખરાબ થતી જાય. હમણાં થોડાં દિવસ પહેલાં સુષ્મા અને સુમંત વચ્ચે ફરી કોઇ વાતે રકઝક થઇ ગઇ. સુમંતે નક્કી કર્યું કે જે થયું તે ખરું પણ હવે એ સુષ્મા સાથે કોઇ વાત જ નહીં કરે. ખાવાપીવાનો પણ આગ્રહ નહીં કરે. કેમ કે તેને ખબર પડી ગઇ છે કે આ રોગ દવા કરવાથી ઘટવાને બદલે વધે છે.

સુષ્મા પણ હાર માને એવી કયાં હતી. બે-ત્રણ કલાક ચૂપચાપ પડી રહી પણ પછી અચાનક છાતી પર હાથ રાખીને જોર જોરથી શ્વાસ લેવા લાગી. એમ લાગતું હતું કે તેને શ્વાસ લેવામાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. પણ સુમંતે કોઇ પ્રતિક્રિયા વ્યક્ત ન કરી. સુષ્મા એ પીડાથી આહ ભરતાં કહ્યું, 'મને છાતીમાં ખુબ જ દુ:ખે છે અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે.' એમ કહીને તે ઢીલી થઇ ગઇ. સુમંત એ જોઇને ગભરાઇ ગયો. તેણે તરત ગાડી કાઢી અને સુષ્માને નજીકના એક નર્સિંગ હોમમાં લઇ ગયો. ડોકટરે બરાબર તપાસીને કહ્યું કે 'ખાસ કંઇ નથી, થોડો ગેસ્ટ્રીક પ્રોબ્લેમ છે. દવા આપું છું સવાર સુધીમાં સારું થઇ જશે.' આ સાંભળી સુમંતને જીવમાં જીવ આવ્યો પણ આખી રાત બગડી હતી અને ખર્ચો પણ ઘણો થઇ ગયો હતો. સુમંત ને દુ:ખ નહોતું પણ તેને સુષ્માના નાટક માટે ગુસ્સો આવતો હતો.

આ બનાવના ત્રણચાર દિવસ પછી સુષ્માની કોઇ વાતે સુમંતનો ગુસ્સો આસમાને પહોંચ્યો હતો. તેણે કહ્યું, હમણાં કંઇ કહીશ તો છાતીએ હાથ દઇ રોવા લાગશે અને કહેશે કે શ્વાસ લેવામાં તકલીફ થાય છે. સુમંતની આ ડાયલોગ પર સુષ્માએ સુમંતની બરાબરની ખબર લઇ નાંખી અને એમાં જ ચાર દિવસ પહેલા બનેલ બનાવનું ખરેખર પુનરાવર્તન થઇ ગયું. સુષ્માની છાતીમાં દુ:ખાવો થવા લાગ્યો અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડવા લાગી. તેની હાલત જોઇને સુમંતને આભાસ થઇ ગયો કે આજ સુષ્માની તબિયત ખરેખર બગડી છે. તેણે ફરી ગાડી કાઢી અને બંને ફરી એ જ નર્સિંગ હોમમાં જઇ પહોંચ્યાં. આ વખતે ડોકટરે વધુ સારી રીતે તપાસ કરી. ઇ.સી.જી. કર્યું અને પછી કહ્યું કે ગભરાવા જેવું કંઇ નથી. દવા આપું છું તે નિયમિત લેજો અને તનાવ મુક્ત રહેવા તેમજ ઘેર જઇને આરામ કરવાની સલાહ આપી.

ડોકટરે સાવધાની ખાતર બીજે દિવસે અમુક જરુરી ટેસ્ટ કરાવવાનું પણ કહી દીધું. બીજે દિવસે બાકીના ટેસ્ટ પણ કરાવ્યા. બધા રિપોર્ટ નોર્મલ હતા પણ આ વખતે ખર્ચો પહેલાં કરતાં પણ વધારે થઇ ગયો હતો. સુષ્માને પણ ખબર પડી કે બહુ મોટું બીલ આવ્યું છે તો તેને અફસોસ થયો. તેને મનોમન પસ્તાવો થવા લાગ્યો. અને ભવિષ્યમાં આવું ન બને તેની ચીંતામાં તેના મનમાં બેચેની થવા લાગી હતી. આ તરફ સુમંતને પહેલાં કરતાં વધુ ગુસ્સો આવતો હતો. પણ એ ગુસ્સાને જાણે કે પી ગયો હતો. એકદમ ભાવહીન બનેલ સુમંતના મનમાં બીજું જ કંઇક ચાલતું હતું. આ વખતે સુષ્મા ગમે તેવું નાટક કરે પણ તેની ચાલમાં આવીશ જ નહીં.

આ ઘટના પછી એક અઠવાડિયું કોઇ જાતની બોલચાલ કે ખટપટ વગર વીતી ગયું. પણ અઠવાડિયા પછી એક દિવસ સુષ્માના પેરેન્ટ્સને ઘરે કોઇ સમસ્યા ઊભી થઇ ગયેલ. સુષ્મા અને સુમંત બંને ત્યાં પહોંચ્યા. ખુબ જ તનાવયુક્ત વાતાવરણ હતું. ઘણા કલાકો સુધી રોકાયા બાદ બંને પાછાં આવ્યા. ઘેર પાછા આવ્યા બાદ સુષ્મા હાંફતી હતી, તેણે બસ એટલું જ કહ્યું કે મને ખુબ બેચેની લાગે છે. 'પાણી પી લે, થોડી વાર આરામ કર. જો સારું નહીં થાય તો ડોકટર પાસે જઇશું.' એમ કહીને સુમંત બહાર કોઇ કામ અંગે જતો રહ્યો. અને સુષ્મા પાણી લેવા રસોડામાં ગઇ. કામ તો કંઇ હતું જ નહીં એ ખબર નહીં પણ સુમંત લગભગ બે કલાકે પાછો આવ્યો. સુમંત જયારે પાછો આવ્યો તો તેણે જોયું કે સુષ્મા પથારીને બદલે ભોંય પર પડી છે. તેણે સુષ્માને ઉપાડી પથારીમાં સુવડાવી. અને પાણી પીવડાવવા કોશિશ કરી. પણ કંઇ વળ્યું નહીં. સુષ્મા બિલકુલ બેભાન હતી.

સુમંત સુષ્માને લઇ તરત નજીકની હોસ્પિટલમાં પહોંચ્યો તેની હાલત જોઇને તેણે આઇ.સી.યુ.માં રાખવામાં આવી. તપાસ કરતાં ખબર પડી કે સુષ્માને હાર્ટ એટેક આવ્યો હતો. સુમંત આઇ.સી.યુ.ની બહાર ડોકટર સાથે વાત કરતો હતો. તે દરમિયાન નર્સે આવીને કહ્યું, 'ડોકટર પેશન્ટની હાલત બગડી રહી છે.' ડોકટર તરત આઇ.સી.યુ.માં એડમીટ પેશન્ટની તરફ વળ્યા. સુમંત ત્યાં જ માથે હાથ દઇ બેસી પડ્યો. તેને જાણે કે ચક્કર આવવા લાગ્યા. અહીં લાવવામાં સહેજ મોડું થયું હોય તો મુસીબત થઇ જાત. સુમંતને લાગતું હતું કે વરુ ખરેખર ઘેટાંના ઝુંડમાં ઘુસી આવ્યું છે અને એક ઘેટાંને પોતાના ખુંખાર જડબામાં દબાવવા તેના પર ઝપટી રહ્યું છે.

વેરાન ધરતીમાં વહાલપના વીરડા

વાત વાતમાં
-રણછોડ વી. પરમાર

હરિયાળા નગર તરીકે ઓળખાતા ગાંધીનગરમાં વસનારાઓએ અનેક જાતના (ભલે એના નામ આવડે કે ના આવડે) અગણિત સંખ્યામાં (જો કે વનવિભાગવાળાને પૂછો તો સાચોખોટો આંકડો તરત જ એટલે પાંચ છ માસમાં વિગતવાર ગણતરી કરીને દર્શાવી દે) વૃક્ષો - લીલાછમ્મ વૃક્ષો રોજેરોજ જોયા હોય. મારા જેવા ચરોતરવાસીઓ મોટી સંખ્યામાં આંબા, લીમડા, મહુડા, રાયણ, આંબલી, લીંબુડી, સીતાફળી જેવા ઝાડવા જોયા હોય એટલું જેના ફળ પણ ધરાઈને આરોગ્યા હોય. પરંતુ સૌરાષ્ટ્ર - કચ્છના વિસ્તારોમાં રહેતા લોકોને તો નાંખી નજર પહોંચે ત્યાં સુધી કયાંક લીલું ટપકું જોવા મળે નહીં. અમરેલી સુરેન્દ્રનગર, અંજાર, નલિયા કે રાધનપુરના રસ્તાઓ પરથી એસટીમાં બેઠા બેઠાં ગરમ હવાની ઝાપટો ખાતા પસાર થતા હોઈએ ત્યારે ધરતીમાતાને સ્વયં નમાયી, શુષ્ક અને બિચારી થઈ ગયેલી નિહાળવી પડે છે. આપણા સ્વપ્નશીલ નેતાઓ ઈઝરાયેલ - ચીનની યાત્રાઓ એમની દૃષ્ટિએ સફળતાપૂર્વક પાર પાડે છે પણ એ રણ જેવા વેરાન પ્રદેશનો હરિયાણા કઈ રીતે બનાવ્યા એ માટેની કોઈ યોજના આ દેશ માટે લઈ આવવાનું હજું સુધી તો કોઈને સૂઝ્યું નથી. ભવિષ્યમાં કોઈ દીર્ઘદષ્ટિવંત આગેવાનને, આવો કશોક વિચાર આવશે એમ કહેવું અઘરું છે.

જે ભૂમિમાં દૂર દૂર સુધી કેવળ માટીના ઢેંફા પવન આવે ત્યારે થોડી થોડી ધૂળ ઉડાડતા દેખાતા હોય, કયાંક વળી ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાનની જેમ કદરુપો અને કઢંગો ખીજડો નજરે ચડી જાય, કદાચ કયાંક પાતાળકૂવાની આજુબાજુ બે ત્રણ લીમડા જેવા ઝાડ પોતાની હાજરી પુરાવે તો પુરાવે બાકી તો ભાગ્ય તમારા... વરસાદ વરસ્યા પછીના સમયમાં કોઈ જગ્યાએ આવળ મળી જાય. જેમ સુરેન્દ્રનગરવાળા મહુડા વલસાડવાળા આવળને ના ઓળખે તો નવાઈ પામતાં નહીં. જુદા જુદા પ્રદેશના પહેરવેશ જુદા, ખોરાક જુદો, ભાષા જુદી અને વૃક્ષો પણ જુદા... જો કે હવે દુનિયા સાંકડી થવા માંડી છે એટલે આઈસ્ક્રીમ અને શીખંડ ગામેગામ મળે છે અને આખા ભારતના જુવાનિયાં જીન્સ ઠઠકાવે છે તથા જુવતીઓ પંજાબી ડ્રેસ શોભાવે છે. ભારતીય ચલચિત્રોએ સમગ્ર દેશમાં એવા કામણ કર્યા છે કે ભાંગીતૂટી હિન્દી તો હવે ઠેરઠેર બોલાય છે. આ બધું નહોતું ત્યારે ય જે તે પ્રદેશના લોકો પોતાની જનમભોમકાને જીવથી પણ વધારે પ્રેમ કરતા હતા. પ્રજારામ રાવળ (જન્મ તા. ૩.૫.૧૯૧૭ અને અવસાન તા. ૨૮.૪.૧૯૯૧ નામના આપણા ગુજરાતી ભાષાના અનોખા કવિએ પોતાની મેલીઘેલી પણ વહાલસોહી જન્મભૂમિ ઝાલાવાડી ધરતીની શબ્દોના ફૂલ વડે જે આરતી ઉતારી છે, તે ગુજરાતી સાહિત્યની અમૂલી કવિતા બની ગઈ છે. સુજ્ઞ ભાઈઓ જાણતાં જ હશે કે હાલ સુરેન્દ્રનગર-વઢવાણ તરીકે ઓળખાતો એરીયા અગાઉ ઝાલાવાડ તરીકે પ્રખ્યાત હતો. સુરેન્દ્રનગરના ઝાલા, મૂળીના પરમાર અને વઢવાણમાં સોલંકી શૂરવીરોની મર્દાનગીની વાતો સૌરાષ્ટ્રની રસધારમાં આપણામાંથી ઘણાએ વાંચી હશે. અહીં માણો, ઝાલાવાડી ધરતીની માયા અને પ્રેમ.

ઝાલાવાડી ધરતી

આ ઝાલાવાડી ધરતી
આવળ, બાવળ, કેર, બોરડી, શુષ્ક, રૂક્ષ ચો-ફરતી
અહીં ફૂલ કેવળ આવળનાં :
અહીં નીર અધિકાં મૃગજળનાં :
પુષ્પ, પત્ર, પાણી વિણ કાચા ઘોર ઉનાળે બળતી!
જોજનના જોજન લગ દેખો
એક નહીં ડુંગરને પેખો :
વિરાટ જાણે ખુલ્લી હથેળી સમથળ, ક્ષિતિજે ઢળતી!
આ તે કોઈ જનમ-વેરાગણ
કે, કો, ઉગ્ર તપંતી જોગણ!
સંન્યાસિની તણા નિર્મળ શુભ્ર વેશે ઉર મુજ ભરતી!

- પ્રજારામ રાવળ

રિલેશનશીપમાં બ્રેક-અપ અને વેક-અપ

સંબંધોમાં તડ-જોડ કરવાનો કોઇ જ અર્થ નથી, જયારે તમે સંબંધનો ભાર પોતાના ખભે ઊંચકીને ચાલતા થાકી જાવ ત્યારે એવો ભાર વેઠ્યા કરવાનો કોઇ જ અર્થ નથી, એવા સંબંધ તોડી નાખવા જ બહેતર છે, સ્વામી વિવેકાનંદનો શબ્દ છે વેક-અપ... જેટલા વહેલા જાગૃત થવાય એટલું સારૂં

ગુલમહોર
-દિનેશ દેસાઈ

હોલિવૂડની ખુબસૂરત અભિનેત્રી એન્જેલિના જોલી (જ.૧૯૭૫)એ એક વાર કહ્યું હતું કે માનવીય સંબંધોમાંથી લાગણી, સંભાળ, કાળજી, ધ્યાન અને ઉષ્મા-હુંફની જો બાદબાકી થઈ જાય તો પછી એવા સંબંધો માત્ર જીવતી લાશ જેવા જ હોય છે. એમાંથી તમે કશું જ પ્રાજ્ઞ થવાની આશા રાખી શકો નહીં. માત્ર નફરત, તિરસ્કાર, ઘૃણા, દ્વેષ, ઈર્ષા અને આક્રોશની બદબૂ જ એમાંથી આવ્યા કરશે. એવા દુર્ગંધયુક્ત સંબંધની લાશ સાથે રહેવાના બદલે એને દફન કરી દો.

સંબંધોમાં તડ-જોડ કરવાનો કોઈ જ અર્થ નથી. જયારે તમે સંબંધનો ભાર પોતાના ખભે ચકીને ચાલતા થાકી જાવ ત્યારે એવો ભાર વેઠ્યા કરવાનો કોઈ જ અર્થ નથી. એવા સંબંધ તોડી નાખવા જ બહેતર છે. સ્વામી વિવેકાનંદનો શબ્દ છે વેક-અપ... જેટલા વહેલા જાગૃત થવાય એટલું સારું. તમારા સંબંધ લાશ બનીને ગંધાઈ ઠે એ પહેલા તમારામાં જાગૃતિ આવે એ જરુરી છે. તમે જાગૃત બનીને એવા સંબંધોને ફગાવી દેવાની હિંમત કેળવો એ પણ ખુશહાલ જિંદગીની જરુરીયાત છે.

એન્જેલિના જોલીએ કબુલ્યું હતું કે તેના જીવનમાં ઘણા બધા પુરુષ આવ્યા. કોઈક પ્રેમના નામે આવ્યા અને છળ કરી ગયા. કોઈક પ્રેમ આપીને પણ ચાંદ-તારા બતાવતા ચાલ્યા ગયા. કોઈક વન-નાઈટ સ્ટેન્ડની જેમ પોતાની જરુરીયાત પુરી કરવાના સ્વાર્થથી આવ્યા અને ચાલ્યા ગયા. એન્જેલિના જોલીએ કહ્યું છે કે રિલેશનશીપનું મહત્વ સમજાય એ જ મોટી વાત છે. રિલેશનશીપમાં જો દમ ન હોય તો બ્રેક-અપ જ સૌથી સારી દવા છે. આ માટે તમારામાં જેટલી જલદી સમજ (જાગૃતિ) આવી જાય તેટલું બહેતર છે. બાકી તો અંધારીયા બેડરુમમાં રાતોની રાતો રડતા બેસી રહેવાથી તમને કોઈ બચાવી શકશે નહીં. તમારી મદદ તમારે જાતે જ કરવાની છે.

૪૦ વર્ષની એન્જેલિના જોલી આજે પણ હોલિવૂડની ફિલ્મોની હાઈએસ્ટ પેઈડ એક્ટ્રેસ છે. એ અભિનેત્રી અને નિર્માત્રી હોવા ઉપરાંત પરોપકારી અને માનવતાવાદી પણ છે. તેને એકેડમી એવોર્ડ સન્માન મળેલું છે. બે વખત સ્ક્રિન એક્ટર્સ ગિલ્ડ એવોર્ડ અને ત્રણ વાર ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યા છે.

એન્જેલિનાએ સને ૧૯૯૬માં ૨૧ વર્ષની ઉંમરે અભિનેતા જોની લી મિલર સાથે પ્રથમ પ્રેમલગ્ન કર્યાં. સને ૧૯૯૯માં ત્રણ વર્ષમાં તેમની વચ્ચેનો પ્રેમ વરાળ બનીને ઊડી ગયો. એક વર્ષ એકલી રહ્યા બાદ સને ૨૦૦૦માં બિલી બોબ સાથે તેણે પ્રેમલગ્ન કર્યાં. એ સંબંધ પણ ચાર વર્ષ જ ચાલ્યો અને સને ૨૦૦૩માં રેશમની ડોર તૂટી ગઈ. ફરી એક વાર એકલી પડેલી એન્જેલિનાએ પ્રેમલગ્ન કરવાના બદલે લગ્ન પહેલાં પ્રેમમાં રહેવાનું પસંદ કર્યું. તે પોતાના સાથી અભિનેતા બ્રાડ પિટ સાથે લગભગ દસેક વર્ષ લિવ-ઈન રિલેશનશીપમાં રહી.

લગ્ન કર્યાં વિના સાથે રહેલાં આ કપલે દુનિયાભરમાંથી મળીને એક ડઝન જેટલાં વંચિત બાળકોને દત્તક પણ લીધાં અને ઉછેર્યાં. છેક સને ૨૦૧૪માં ગયા વર્ષે જ એન્જેલિના અને બ્રાડ પિટે લગ્ન કરી લીધાં. પરસ્પરના પરિપક્વ પ્રેમની સમજણનું આ કપલ શ્રેષ્ઠ ઉદાહરણ પણ બન્યું છે. જો કે એન્જેલિના બ્રાડના સંતાનોની માતા પણ બની છે. પ્રેમ એટલે એકમેકનો આદર અને સમાદર. જો એકમેક પ્રત્યે તમને આદર અને સમાદર યા કાળજી કે લાગણી જેવું કશું જ ન અનુભવાતું હોય તો એવા સંબંધને સાચવી રાખવાનો કોઈ મતલબ નથી. વંધ્ય જમીનમાં ગમે તેટલું ખાતર-પાણી નાખશો, કશું નહીં ગે.

સ્ટોપર:-

પહેલા તો પ્રેમ તમારી આંખમાં પ્રગટે છે, આંખો વાટે પ્રેમની અનુભૂતિ તમારા હૃદય સુધી પહોંચતો હોય છે.

- મધર ટેરેસા